# જય ગજ્જરની નવલકથા 'આંધીનો ઉજાસ' શ્રેષ્ઠ નવલકથા તરીકે પસંદગી પામતાં સાહિત્ય અકાદમીનું ઈનામ






ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરે ૨૦૦૬માં પ્રકાશિત થયેલ વિવિધ શ્રેણીનાં શ્રેષ્ઠ પુસ્તકોને ઈનામ અર્પણની એક યાદી તાજેતરમાં બહાર પાડી છે. આ યાદીમાં નવલકથા શ્રેણીમાં પસંદ પામેલ ત્રણ શ્રેષ્ઠ નવલકથાઓમાં કેનેડા નિવાસી શ્રી જય ગજ્જરની નવલકથા "આંધીનો ઉજાસ"ને ત્રીજું ઈનામ પ્રાપ્ત થાય છે. એ માટે જય ગજ્જર અભિનંદનને પાત્ર બને છે.

જય ગજ્જર કેનેડાના એક સમાજસેવક અને ગુજરાતી ભાષાના જાણીતા સર્જક છે. આડત્રીસ વર્ષ પહેલાં ગજ્જર કેનેડા આવ્યા તે પહેલાં અમદાવાદમાં શિક્ષક, પ્રોફેસર અને ગુજરાત યુનિવર્સિટીમાં ભાષાન્તરકાર હતા તે દરમિયાન ત્રણ નવલકથાઓ અને સો ઉપરાંત નવલિકાઓ લખેલ.

કેનેડા આવી પ્રિન્ટિંગના ધંધામાં ઝંપલાવી ધંધાની સાથે એમનાં જ્ઞાન અને અનુભવની સમાજમાં લહાણ કરવા કેટલાક મંડળોમાં ગજ્જર જોડાયા. ન્યુ ફાઉન્ડલેન્ડ રાજ્યના સ્ટિવનવિલના તે સમયના જજ શ્રી રોબર્ટ સ્મિથ લખે છે, "શ્રી ગજ્જર અહીંની ઘણી બધી સામાજિક, સાંસ્કૃતિક અને વ્યાપારી સંસ્થાઓ, મંડળોના સભ્ય, કે પ્રમુખ તરીકે સંકળાયેલા છે અને સમાજ, રાજ્ય અને દેશના સર્વાંગી વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે... તેમની નેતાગીરી અને રાષ્ટ્રપ્રેમ સૌ માટે નમૂનારૂપ છે."

સફળ અને સંસ્કારી સજ્જન તરીકે કેનેડિયન સમાજમાં પ્રતિષ્ઠા પામતાં શિક્ષિત, સાહિત્યિક અને સંસ્કારી પ્રતિભા રૂપે એમનું બહુમાન કરી સમાજ, રાજ્ય અને દેશે સ્વીકારી એમની સેવાઓની કદર કરતાં નગર, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના અનેક એવોર્ડ એમને અર્પણ કર્યા. જેમાં કેનેડાના ગવર્નર જનરલે અર્પણ કરેલ કેનેડાનો હાઈએસ્ટ નેશનલ એવૉર્ડ **'ઓર્ડર ઓફ કેનેડા'** નોંધપાત્ર છે જે ભારતના 'પદ્મવિભૂષણ' સમકક્ષ છે. જય ગજ્જર આ પ્રતિષ્ઠિત એવૉર્ડ મેળવનાર પ્રથમ ગુજરાતી છે.

સમાજસેવા ગજ્જરની પ્રકૃતિ છે તેમ સાહિત્ય એ ગજ્જરની ગળથૂથીમાં છે. આજ સુધીમાં લગભગ ત્રણસો જેટલી ટૂંકી વાર્તાઓ લખનાર ગજ્જરના ત્રણ વાર્તાસંગ્રહો, સાત ગુજરાતી અને બે અંગ્રેજી નવલકથાઓ પ્રકાશિત થયેલ છે. 'આંધીનો ઉજાસ' ગુજરાતના જાણીતા દૈનિક 'સંદેશ'માં રવિવારની આવૃતિમાં હપતેથી પ્રગટ થયેલ. ઉપરાંત ગાંધીનગરના દૈનિક 'ગાંધીનગર સમાચાર', ટોરન્ટોના સાપ્તાહિક 'ગુજરાત એકસપ્રેસ' અને ન્યુ જર્સીથી પ્રગટ થતા માસિક 'ગુજરાત દર્પણ'માં હાલ હપતેથી પ્રકાશિત થઈ રહેલ છે. ગુજરાત સરકાર પુરસ્કૃત શ્રેષ્ઠ માસિક 'નવચેતન'માં ૨૦૦૬માં પ્રગટ થયેલ વાર્તાઓમાં ગજ્જરની વાર્તા વર્ષની શ્રેષ્ઠ વાર્તા તરીકે પસંદ પામતાં નાનુભાઈ સુરતી પારિતોષિક મળેલ છે. વિવિધ સામયિકોમાં એમની નવલિકાઓ અને નવલકથાઓ પ્રકાશિત થતી રહી છે. આકાશવાણી, અમદાવાદ પર કેટલીક નવલિકાઓ, વાર્તાલાપો અને સીબીસી. ટેલિવિઝન, કેનેડા પર કેટલાક વાર્તાલાપો પ્રસારિત થયેલ છે. "પથ્થર થર થર ધ્રૂજે" 'ગુજરાત સમાચાર'માં હપતેથી પ્રકાશિત થતાં લોકપ્રિય બનવાથી એની ટીવી સીરિયલ બની છે. એનો અંગ્રેજી અનુવાદ *'The Shuddering Stones'* અમેરિકાના જેડા પ્રકાશને પ્રકાશિત કર્યો. વળી એમની અંગ્રેજી નવલકથા *"A Life Lost, A Life Gained"* ચાલુ વર્ષે પ્રકાશિત થઈ છે. જાણીતા માસિક "નવચેતન"માં દર મહિને "કેનેડા ઉજ્જ્વળ ભાવિની ભૂમિ" નામે અને "ઓળખ"માં 'આ છે કેનેડા' શ્રેણીમાં કેનેડાના સમાજ, સાહિત્ય અને ઈમિગ્રેશન વિષે સારો પ્રકાશ પાડતાં વાચકોની પ્રિય બની બંને શ્રેણી ખૂબ આવકાર પામી છે.

છેલ્લાં પંદર વર્ષથી ટોરોન્ટો, કેનેડામાં દર વર્ષે યોજાતા અંગ્રેજી અને ફ્રેન્ચ લેખકો અને તેમના પુસ્તકોના 'વર્ડ ઓન ધ સ્ટ્રીટ ફેસ્ટિવલ'માં ૨૦૦૪માં પ્રથમવાર ગુજરાતી ભાષાને સ્થાન અપાયું અને તે પ્રસંગે જય ગજ્જરને તેમની નવલકથા 'કાચી માટીનું ઘર' નું અને ફરી ૨૦૦૫માં 'તિમિરનાં તેજ'નું એક પ્રકરણ વાંચવા આમંત્રણ અપાયું જે ગજ્જર અને ગુજરાતી ભાષા માટે ગૌરવ અને આનંદની ઘટના છે.

જય ગજ્જર હાલ મિસિસાગામાં એમના પુત્ર ડૉ. નીલ ગજ્જર સાથે રહે છે. આ નોંધપાત્ર ઈનામ પ્રાપ્ત થતાં પોતાનો આનંદ વ્યકત કરતાં ગજ્જર કહે છે, "ગુજરાતી સાહિત્યમાં મારા પ્રદાનની કદર થતાં એક બિન નિવાસી ગુજરાતી તરીકે હું આનંદ અને ગર્વ અનુભવું છું અને પસંદગી સમિતિના સભ્યોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું."

41 Palomino Dr., Mississauga, Ontario, Canada L4Z 3H6 Tel. (905) 568-8025